
## Paragraph-1

# ગુજરાતઃ સ્થાન, સીમા અને ભૂપૃષ્ઠ



ગુજરાત રાજકીય ભારત રાજકીય

ગુજરાત રાજ્ય ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગરને કિનારે 20°.06' ઉત્તર અક્ષાંશવૃત્તથી 24°.42' ઉત્તર અક્ષાંશવૃત્ત સુધી અને 68°.10' પૂર્વ રેખાંશવૃત્તથી 74°.28' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરેલું છે.

### સીમા (BOUNDRY)

ગુજરાતને બે પ્રકારની સીમાઓ છે : (1) જમીન સીમા (2) દરિયાઈ સીમા

**(1) જમીન સીમા :**

પૂર્વમાં ............., પશ્ચિમે ............., ઉત્તરે ............., દક્ષિણે ............., વાયવ્યે ............. આવેલ છે.

**(2) દરિયાઈ સીમા :**

ગુજરાતની પશ્ચિમે દરિયાઈ સીમાએ અરબ સાગર આવેલો છે. ગુજરાતમાં આ સાગરની સીમા આશરે 1600 કિમીની લંબાઈ ધરાવે છે; જે ભારતમાં સૌથી લાંબી દરિયાઈ સીમા છે. અન્ય કોઈ રાજ્યને આટલી કુદરતી લાંબી દરિયાઈ સીમા મળી નથી. અરબ સાગરમાંકચ્છનો અખાત અને ખંભાતનો અખાત આવેલો છે.

## વિસ્તાર

ગુજરાતની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે 590 કિમી અને પૂર્વ-પશ્ચિમ લંબાઈ આશરે 500 કિમી જેટલી છે. ગુજરાત રાજ્યનો ભૌગોલિક વિસ્તાર (ક્ષેત્રફળ) આશરે 1,96,024 ચોકિમી જેટલો છે. જે ભારતના કુલ વિસ્તારના આશરે માત્ર 6 ટકા જેટલો છે. ગુજરાતનો ભૂમિપ્રદેશ પાંચ ભાગમાં વહેંચાયેલો છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ.

ગુજરાતના રાજકીય નકશામાં જોઈને કર્કવૃત્ત પસાર થતું હોય તેવા જિલ્લાઓનાં નામ લખો :

(1) ...................... (2) ...................... (3) ...................... (4) ...................... (5) ......................



ગુજરાત ભૂપૃષ્ઠ

### ભૂપૃષ્ઠ (Reliet)

જમીન પર આવેલાં જુદાં જુદાં ભૂમિ સ્વરૂપોને ભૂપૃષ્ઠ કહેવામાં આવે છે. ગુજરાતનું ભૂપૃષ્ઠ વિવિધતાવાળું છે. ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ગુજરાતના પાંચ ભાગ પડે છે : (1) મેદાન પ્રદેશ (2) ડુંગરાળ પ્રદેશ (3) ઉચ્ચપ્રદેશ (4) રણ પ્રદેશ (5) દરિયાકિનારો

### (1) મેદાન પ્રદેશ (PLAIN) :

ગુજરાતનો મોટા ભાગનો પ્રદેશ મેદાન વિસ્તાર છે. મેદાન પ્રદેશમાં વહેતી નદીઓએ કાંપથી બનાવેલ મેદાનો ફળદ્રુપ છે; જેમાં દક્ષિણ ગુજરાત અને મધ્યગુજરાતનું મેદાન ખૂબ જ ફળદ્રુપ છે. આ મેદાનમાં ખેતી અને વસવાટની ઉત્તમ સુવિધાથી વસ્તીનું પ્રમાણ વધારે છે. ઉત્તર ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર મેદાન પ્રદેશ છે.

### (2) ડુંગરાળ પ્રદેશ (Hili) :

ગુજરાતના ડુંગરાળ પ્રદેશ તળ ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ, સૌરાષ્ટ્રનો ડુંગરાળ પ્રદેશ અને કચ્છનો ડુંગરાળ પ્રદેશ એમ ત્રણ ભાગમાં વહેંચાયેલો છે.

### (3) ઉચ્ચ પ્રદેશ (Plateau) :

સમુદ્રની સપાટીથી ઊંચે આવેલા મેદાન જેવા સપાટ પ્રદેશને ઉચ્ચપ્રદેશ ગણવામાં આવે છે. ગુજરાતમાં કચ્છના મધ્ય ભાગમાં તેમજ સૌરાષ્ટ્રના મધ્યભાગમાં આવા ઉચ્ચપ્રદેશો આવેલા છે. સૌરાષ્ટ્રની મધ્યમાંથી ઊંચો અને સમુદ્ર કિનારા તરફ જતાં ઉચ્ચપ્રદેશ નીચો થતો જાય છે.

### (4) રણ પ્રદેશ (Desert) :

કચ્છના રણ પ્રદેશની જમીન ખારી છે. આ પ્રદેશ રેતાળ ન હોવા છતાં તે રણ પ્રદેશ છે. આ રણ એ ખારોપાટ છે. જે આ રણની વિશેષતા છે. પૂનમની રાતે ખારા પાટનું રણ સફેદ ચાદર જેવું લાગે છે ! તેને જોવાનો આનંદ અનેરો છે.

### (5) દરિયાકિનારો (Sea Coast) :

ભારતનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતનો દરિયાકિનારો 1600 કિમી લાંબો છે. આથી આ દરિયાકિનારો વહાણવટા માટે ખૂબ ઉપયોગી છે. પ્રાચીન સમયમાં મોટા ભાગનો વેપાર ખંભાત, ઘોઘા, ભરૂચ, સુરત વગેરે બંદરોથી થતો હતો.

# Paragraph-2

## ડચ લોકો :

પોર્ટુગીઝોના આગમન પછીનાં સો વર્ષે લગભગ 16મી સદીના અંતભાગમાં હોલૅન્ડ (હાલનું નેધરલૅન્ડ)ના રહેવાસી ડચ લોકો વેપાર અર્થે આવ્યા. સૌપ્રથમ પુલિકટ અને મદ્રાસ (હાલનું ચેન્નઈ)માં તેમણે કોઠીઓ સ્થાપી. ઈ.સ. 1663માં આગ્રામાં પણ તેમણે કોઠી સ્થાપી. દરમિયાન અંગ્રેજો પણ ભારતમાં આવી પહોંચ્યા. ડચ લોકો અંગ્રેજો સામે સ્પર્ધામાં ટકી શક્યા નહિ.

## ભારત પર અંગ્રેજોની નજર :

ઈ.સ. 1600માં ઇંગ્લૅન્ડની રાણી ઈલિઝાબેથના સમયમાં બ્રિટિશ 'ઈસ્ટ ઇન્ડિયા કંપની'ની સ્થાપના થઈ. હિન્દુસ્તાન સાથે વેપાર કરી ધનવાન થવાની ઇચ્છા રાખનાર વેપારીઓની આ કંપની હતી.

ઈ.સ. 1608માં પહેલું અંગ્રેજ વહાણ હિન્દુસ્તાનનાં સુરત બંદરે પહોંચ્યું. હિન્દુસ્તાનની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અંગ્રેજ હોકિન્સ આ વહાણનો કપ્તાન હતો. તે જહાંગીરને મળ્યો; પરંતુ પરવાનગી મળી નહિ. ત્યાર બાદ આવનાર સર-ટોમસ રોએ જહાંગીર પાસેથી સુરતમાં વેપારી કોઠી સ્થાપવાની પરવાનગી લીધી. ત્યાર પછી દિલ્લીની સત્તા શાહજહાં પાસે આવી. શાહજહાંએ અંગ્રેજોને બંગાળમાં વેપાર કરવાની છૂટ આપી.

## ફ્રેંચ લોકો :

ફ્રેંચોએ 'ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા' નામની કંપની ઈ.સ. 1664માં સ્થાપી હતી. તેમણે સુરત અને પુડુચેરી (પોંડિચેરી)માં કોઠીઓ સ્થાપી. ફ્રેંચોની કંપનીનો વડો દુપ્લે હતો, જેને ભારતમાં યુરોપિયન સત્તા વિસ્તાર કરવાની ઇચ્છા થઈ. આમ, યુરોપિયન પ્રજામાં અંગ્રેજો અને ફ્રેંચો બે બળવાન કંપનીઓ એકબીજાની હરીફાઈ કરતી હતી. આમાં ઘણી તકરારો અને લડાઈઓ થઈ, જેમાં છેવટે અંગ્રેજો સફળ થયા; પરંતુ ફ્રેન્ચો પાસે છેવટે પુડુચેરી, માહે, ચંદ્રનગર વગેરે થાણાં (વેપારી મથકો) રહ્યાં.

## બંગાળમાં અંગ્રેજોનો વેપાર :


ઈ.સ. 1651માં હુગલી નદીને કાંઠે અંગ્રેજોએ પહેલવહેલો વેપાર કરવાની શરૂઆત કરી. પોતાની કોઠીઓ સ્થાપી. આજુબાજુ કિલ્લાઓ બાંધ્યા. પોતાનાં રક્ષણ માટે સૈનિકો રાખ્યા અને મુઘલ બાદશાહ ઔરંગઝેબ પાસેથી વાર્ષિક ખંડણી (રકમ)ના બદલામાં કરવેરા આપ્યા વગર વેપાર કરવાની પરવાનગી મેળવી લીધી.



અંગ્રેજોનાં વહાણો અને કોઠી

**વિચારો**

શું આજે કોઈ વિદેશના વેપારીઓ ભારતમાં આવો કોઈ વેપાર કરવાની પરવાનગી માંગે છે ?



વિવિધ સમયે બ્રિટિશ અને સ્થાનિક શાસન

હવે કંપની વધુ ને વધુ ધન કમાવાની હોડમાં લાગી ચૂકી હતી. બંગાળમાં કરમુક્ત વેપાર કરવાના ફરમાનમાં ફક્ત કંપનીને જ કરમુક્ત વેપારની છૂટ હતી; પરંતુ કંપનીના અધિકારીઓ વ્યક્તિગત વેપાર કરતા તેમાં પણ કર આપતા નહિ. જેથી બંગાળની કરવેરાની આવક ઘટી ગઈ, જેનો બંગાળના નવાબ મુર્શિદઅલીખાને વિરોધ કર્યો. આ વિવાદ દિનપ્રતિદિન વધતો રહ્યો. અંતે તેના પરિણામે ઈ.સ. 1757માં પ્લાસીનું યુદ્ધ થયું.

### પ્લાસીનું યુદ્ધ :

1756માં સિરાજ-ઉદ-દૌલા બંગાળનો નવાબ બન્યો. જેની અંગ્રેજો પર ધાક હતી. તેથી અંગ્રેજો તેને પસંદ કરતા ન હતા. સિરાજ બંગાળનો નવાબ ન રહે તે માટે અંગ્રેજોએ કૂટનીતિ કરી અને સિરાજ-ઉદ-દૌલાના હરીફોને મદદ કરી. સિરાજ-ઉદ-દૌલાએ કંપનીને હુકમ કર્યો કે કંપની રાજ્યની બાબતમાં દખલ કરવાનું બંધ કરે. અંગ્રેજો તેની કોઠીઓની કિલ્લેબંધી કરવાનું બંધ કરે અને કાયદેસરનો કર ભરી, શરતોનું પાલન કરી, વેપાર કરે. આ બાબતે બંને પક્ષ સમાધાન માટે તૈયાર ન થયા. તેથી નવાબે 30,000 સૈનિકોને સાથે રાખી અંગ્રેજ કોઠી પર હુમલો કર્યો. નવાબની ફોજે અંગ્રેજોને બંદીવાન બનાવી, તેનાં વહાણો ઘેરી લીધાં.


સિરાજ-ઉદ્-દૌલા

અંગ્રેજ સેનાએ રોબર્ટ ક્લાઇવની આગેવાનીમાં વળતો હુમલો કર્યો. રોબર્ટ ક્લાઇવે સિરાજ-ઉદ-દૌલાના એક સેનાપતિ મીર જાફરને નવાબ બનાવવાની લાલચ આપી મદદ માગી તેને રાજી કરી લીધો. પ્લાસી યુદ્ધમાં ક્લાઇવે સિરાજ-ઉદ-દૌલાને હરાવી દગાથી ખૂન કર્યું.


ભારતમાં કંપનીની આ પહેલી લડાઈ હતી. જેમાં ભારતમાં અંગ્રેજોની સત્તાની શરૂઆત થવાની હતી. માટે આ લડાઈ ભારતના ઇતિહાસમાં મહત્ત્વની ઘટના ગણાય છે. આ બનાવથી ભારતનો ઇતિહાસ બદલાય છે.

**આટલું જાણો**

**પ્લાસી :** શું આપ જાણો છો કે પ્લાસી નામ કેમ પડ્યું ? ખરેખર મૂળ નામ પલાશી છે. ત્યાંના પલાશ (ખાખરા)નાં વૃક્ષો પરથી નામ પડેલ છે. પલાશનાં ફૂલ લાલ રંગનાં થાય છે. તેનો ગુલાલ અને હોળીના રંગોમાં ઉપયોગ થાય છે.

**Paragraph-3**

# રાજપૂત યુગ



મહેલનું ચિત્ર

પરિમલ આજે ટી.વી. ઉપર ઐતિહાસિક સિરિયલ જોતો હતો. જેમાં એક મહેલનું દૃશ્ય હતું. પરિમલને મનમાં એક પ્રશ્ન થયો. આવા મહેલો તો આજે પણ મોજૂદ છે. આ મહેલો કોણે બનાવ્યા હશે ? આવા અનેક પ્રશ્નોના ઉત્તર માટે એ દાદા પાસે ગયો. દાદાએ તેને નીચે મુજબની માહિતી આપી.

પહેલાંના સમયમાં આવા મહેલો રાજાઓ બનાવતા હતા. આવા મહેલો પૈકીના કેટલાક મહેલો સારી સ્થિતિમાં અને કેટલાક મહેલોના અવશેષો આજે પણ જોવા મળે છે. આજના ભવ્ય મહાલયોની બાંધણી અને પહેલાંની બાંધણી વચ્ચે તફાવત હોય છે. આ તફાવતના કારણે કયું બાંધકામ કયા સમયકાળનું છે તે જાણી શકાય છે. રાજપૂતકાળ દરમિયાન બંધાયેલાં સ્થાપત્યો આજે પણ છે. તેના વિશે જાણવા ભારતના રાજ્યવંશો વિશે માહિતી મેળવવી રહી. ચાલો, આપણે ભારતના મુખ્ય રાજ્યવંશો વિશે જાણકારી મેળવીએ.

## નવા રાજવંશોનો ઉદય :

સમ્રાટ હર્ષવર્ધનના અવસાન (ઈસુની સાતમી સદીનો મધ્ય ભાગ) બાદ શાસનવ્યવસ્થાના એક ભાગ તરીકે કામ કરતા સામંતો, સરદારો સ્વતંત્ર થવા હલચલ કરવા લાગ્યા. આ સામંતો અને સરદારો સ્વતંત્ર શાસકો બની ગયા, જે અલગ અલગ રાજ્યવંશોના નામે ઓળખાયા.

**વિચારો**

નકશામાં દેખાતાં રાજ્યો આજે કયા નામે ઓળખાય છે ? તે રાજપૂત યુગના કયા રાજ્યમાં આવેલાં છે ? તે વખતના કયા રાજ્યવંશોના વિસ્તારમાં તમારો હાલનો વિસ્તાર આવતો હતો ?




રાજપૂત યુગનું ભારત

● આટલું જાણો ●

### સામંત એટલે શું ?


વિશાળ સામ્રાજ્યને અલગઅલગ પ્રદેશમાં (ત્રણ ભાગમાં) વહેંચવામાં આવતો. જે-તે પ્રદેશની કરવસૂલી જેને સોંપવામાં આવતી તેને સામંત કહેવામાં આવતો. સામંત જે કર ઉઘરાવતો તેમાંથી અમુક હિસ્સો સમ્રાટને આપતો. બાકીનો પોતે રાખતો, જેમાંથી તે લશ્કર વિકસાવતો. પોતાના સમ્રાટને જ્યારે જરૂર પડતી ત્યારે તે લશ્કરની મદદ કરતો. સમય જતાં સામંતો શક્તિશાળી થતા ગયા, તેમાંથી 'સામંતશાહી' અસ્તિત્વમાં આવી.

સાતમી સદીના અંતમાં સમ્રાટ હર્ષના સામ્રાજ્યની રાજનૈતિક શક્તિની એકતા તૂટી. સામંતશાહી શક્તિઓનો ઉદય થયો અને ભારતવર્ષ અનેક નાના–મોટા ટુકડાઓમાં વહેંચાયો. દેશમાં અનેક રાજ્યવંશોનો ઉદય થયો. જેમાં ઉત્તર ભારતમાં ગુર્જર, પ્રતિહાર, પાલ, ચાલુક્ય, પરમાર, ચૌહાણ અને દક્ષિણ ભારતમાં પલ્લવ, રાષ્ટ્રકૂટ, કલ્યાણીના ચાલુક્યો, ચેર, પાંડ્ય અને ચોલ મુખ્ય શાસકો હતા.

આઠમીથી બારમી સદીના સમયકાળને પૂર્વ મધ્યકાળ કહે છે. પૂર્વ મધ્યકાળના મધ્યયુગીન શાસકોને બે ભાગમાં વહેંચવામાં આવે છે : (1) ઉત્તર ભારતનાં રાજ્યો (2) દક્ષિણ ભારતનાં રાજ્યો.


## Paragraph-4

# સ્થળ અને સમય



પૃથ્વીનો ગોળો

પૃથ્વીના ગોળા પર આડી અને ઊભી રેખાઓ શાની છે ? આ રેખાઓ કાલ્પનિક છે. તે પૃથ્વી પર દોરેલી નથી. આડી રેખાઓને અક્ષાંશવૃત્તો કહેવાય છે અને ઊભી રેખાઓને રેખાંશવૃત્તો કહેવાય છે. અક્ષાંશ અને અક્ષાંશવૃત્ત એટલે શું ?




વર્તુળ અને ખૂણાઓ

કોણમાપક, પેન્સિલ અને કાગળ લઈ વર્ગખંડમાં વિવિધ જગ્યાના ખૂણા માપો. ત્યાર બાદ કાગળ પર એક વર્તુળ કરો અને 10°, 90°, 30°, 60°ના ખૂણાઓ દોરી વર્તુળ પર તેની નોંધ કરો.

– પૃથ્વીના કેન્દ્રમાંથી વિષુવવૃત્ત સાથે બનતો ખૂણો એટલે વર્તુળનો અક્ષાંશ (Latitude)

અક્ષાંશ : પૃથ્વી સપાટી પરના કોઈપણ સ્થળને જો સીધી રેખાથી પૃથ્વીના કેન્દ્ર સાથે જોડવામાં આવે તો તે રેખાથી વિષુવવૃત્તીય કાલ્પનિક સપાટી સાથે કેન્દ્ર આગળ જેટલા અંશનો ખૂણો થાય તેટલો તે સ્થળનો અક્ષાંશ.

અક્ષવૃત્ત : પૃથ્વી ઉપર ઉત્તર અથવા દક્ષિણ ગોળાર્ધમાં વિષુવવૃત્તથી સરખા કોણીય અંતરે મળેલા સ્થળોને જોડનારું પૂર્વ-પશ્ચિમ સળંગ વર્તુળને અક્ષવૃત્ત કહેવાય.


રેખાંશ : પૃથ્વી સપાટી પરના કોઈપણ સ્થળને જો સીધી રેખાથી પૃથ્વીની ધરી સાથે કાટખૂણે જોડી દઈએ તો તે રેખાથી મૂળ રેખાવૃત્તની કાલ્પનિક સપાટી (જે પૃથ્વી-ધરીને અડકે છે) સાથે ધરી આગળ જેટલા અંશનો ખૂણો બનાવે તેટલો તે સ્થળનો રેખાંશ.

રેખાવૃત્ત : પૃથ્વી ધરીથી મૂળ રેખાવૃત્તની કાલ્પનિક સપાટી સાથે પૃથ્વી સપાટીએ સરખા કોણાત્મક અંતરે આવેલાં સ્થળોને જોડનારી ઉત્તર-દક્ષિણ સળંગ રેખાને રેખાવૃત્ત (અર્ધવર્તુળ) કહે છે.

# Paragraph-5

## રેખાંશ અને રેખાંશીય સ્થાન

પૃથ્વીના ગોળા ઉપર ઉત્તર–દક્ષિણ ઊભી દોરેલી કાલ્પનિક રેખાઓને રેખાંશવૃત્ત કહે છે. નીચે આપેલા વિશ્વના નકશામાં 0° રેખાંશવૃત્ત કયા દેશમાંથી પસાર થાય છે તે શોધો અને પૂર્વ અને પશ્ચિમ દિશામાં કેટલાં રેખાંશ છે તે શોધો.




વિશ્વનો નકશો

- **મુખ્ય રેખાંશવૃત્તો :**

### (1) ગ્રિનિચ (Greenwitch) રેખા


ઇંગ્લૅન્ડમાં ગ્રિનિચ પરથી પસાર થતા 0° રેખાંશવૃત્તને 'ગ્રિનિચ રેખા' કહે છે. તેનાથી પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગ પડે છે. જે અનુક્રમે પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ તરીકે ઓળખાય છે. 180° સુધીના રેખાંશો બંને તરફ ગણાય છે.

**નીચેના કોષ્ટકમાં પૂર્વ અને પશ્ચિમના દેશોની સારણી વિશ્વના નકશાની મદદથી ભરો :**

| પૂર્વના દેશો | પશ્ચિમના દેશો |
|---|---|
| | |
| | |
| | |
| | |

## (2) આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા (International Date Line)

180° રેખાંશવૃત્તને 'આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા' કહે છે. આ રેખાંશવૃત્ત માત્ર એક જ છે. આ રેખા ઓળંગતાં તારીખ અને વાર બદલાય છે. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા પૅસિફિક મહાસાગરમાંથી પસાર થાય છે. તે કેટલાંક સ્થળોએ બરાબર 180° રેખાંશ પર નથી, વાંકીચૂકી છે. એનું કારણ એ છે કે જો તેને સીધી દોરવામાં આવે તો એક જ દેશના કેટલાક ટાપુઓની જમીન ઉપરથી આ રેખા પસાર થાય. આથી એક જ ટાપુ ઉપર એક જ દિવસે બે વાર અને બે તારીખો ભેગી થઈ જાય, તેથી સમયનો ગોટાળો થાય. એ નિવારવા આ રેખાના માર્ગમાં આવતી જમીન બાજુ પર રાખીને તેને સમુદ્ર તરફ ફેરવી છે, એટલે તે વાંકીચૂકી છે.



આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા

**પ્રવૃત્તિ**

0° રેખાંશથી પૂર્વ ભાગ એ પૃથ્વીનો પૂર્વ ગોળાર્ધ છે. 0° રેખાંશથી પશ્ચિમ ભાગ એ પૃથ્વીનો પશ્ચિમ ગોળાર્ધ છે; તે મુજબ ભારતનું રેખાંશીય સ્થાન નકશામાં શોધો અને નીચે આપેલા દેશોનું રેખાંશીય સ્થાન સારણીમાં પૂરો.

| દેશ | રેખાંશીય સ્થાન | દેશ | રેખાંશીય સ્થાન |
|---|---|---|---|
| ભારત | 68° પૂ.રે થી 97° પૂ.રે | પાકિસ્તાન | |
| ઈજિપ્ત | | કૅનેડા | |
| રશિયા | | યુ.એસ.એ. | |
| ઑસ્ટ્રેલિયા | | મેક્સિકો | |

પૃથ્વીનું સૌથી મોટું ઘડિયાળ સૂર્ય છે. કોઈ પણ સ્થળનો સમય આકાશમાં સૂર્યનું સ્થાન ક્યાં છે તે પરથી નક્કી થાય છે. પૃથ્વી પરનાં સ્થળોનો સમય રેખાંશવૃત્તોની મદદથી નક્કી કરવામાં આવે છે. પૃથ્વી 24 કલાકમાં એક ધરી ભ્રમણ પૂરું કરે છે. રેખાંશવૃત્તો કુલ 360 છે. આમ, એક કલાકમાં 15 રેખાંશવૃત્તો સૂર્ય સામેથી પસાર થાય છે. આથી દર 1 રેખાંશને પસાર થતાં 4 મિનિટનો સમય લાગે છે. આમ, પાસપાસેના બે રેખાંશ વચ્ચે 4 મિનિટના સમયનો તફાવત હોય છે. આ પ્રમાણે પૃથ્વીનાં જુદાં જુદાં સ્થળોએ રેખાંશ પ્રમાણે સમય જુદો જુદો હોય છે.

**પ્રવૃત્તિ**

નીચે આપેલ દેશનો સમય ભારત કરતાં આગળ છે કે પાછળ તે શોધીને લખો. તેમ શા માટે છે ? વિચારો.

## Paragraph-6


# ભારતમાં યુરોપિયન પ્રજાનું આગમન



ભારતમાતા

આપણે શીખી ગયા કે વર્ષો અગાઉ આપણો દેશ દુનિયામાં અગ્રિમ હરોળમાં હતો. વિશ્વમાં આપણા દેશનું અનોખું મહત્ત્વ હતું. દેશ-પરદેશના લોકો આપણી સમૃદ્ધિ અને સંસ્કૃતિથી પ્રભાવિત થઈ રહ્યા હતા. વિશ્વના ઘણા લોકો આપણા દેશમાં વેપાર કરવા અને ધન કમાવા આતુર હતા.

જોકે આ અગાઉ પણ જમીનમાર્ગે અહીં વિદેશી વેપારીઓ વાયવ્ય સરહદેથી આવતા અને વેપાર કરતા હતા. જમીનમાર્ગે આરબ વેપારીઓ વર્ષોથી વેપાર ખેડતા; પરંતુ પરિસ્થિતિ બદલાઈ ત્યારે જમીનમાર્ગે વેપાર અટકી પડ્યો, જેથી યુરોપિયન દેશોમાં ભારતની ચીજવસ્તુઓ જેવી કે, રેશમ, સુતરાઉ કાપડ, મલમલ, મરી-મસાલા, તેજાના વગેરેની માંગ વધી ગઈ. આ પરિસ્થિતિઓનો લાભ લેવા યુરોપના મોટાભાગના દેશોએ ભારત પહોંચવાના જળમાર્ગો શોધી કાઢવાની યોજનાઓ અમલમાં મૂકી.




જળમાર્ગ

**વિચારો**

- યુરોપથી ભારત આવવું હોય તો જમીનમાર્ગે ક્યાં-ક્યાંથી પસાર થવું પડે ?
- પોર્ટુગલથી ભારત આવવું હોય તો દરિયાઈમાર્ગે ક્યાં-ક્યાંથી પસાર થવું પડે ?
- આજે વિદેશ જવું હોય તો કયા માર્ગનો વધુ ઉપયોગ થાય છે ?

સમય જતાં યુરોપના અન્ય દેશોના સાહસિક સાગરખેડુઓએ ભારત આવવાનો જળમાર્ગ શોધી કાઢવા માટેની શરૂઆત કરી.

### ક્રિસ્ટોફર કોલંબસ :

ભારત આવવાનો જળમાર્ગ શોધવાનું બીડું ઝડપનાર અનેક સાહસિકોમાંનો એક ઇટાલીનો રહેવાસી પ્રસિદ્ધ કોલંબસ હતો. તે માનતો કે પૂર્વમાં જવા માટે પશ્ચિમ બાજુથી પણ જઈ શકાય. આમ શાથી વિચાર્યું હશે તે વિચારો. કોલંબસ ઈ.સ. 1492માં ભારત આવવા નીકળ્યો; પરંતુ તે આકસ્મિક રીતે અમેરિકા જઈ ચડ્યો. અને તે જીવ્યો ત્યાં સુધી તે પોતાને હિન્દુસ્તાનનો શોધક માનતો રહ્યો. આજે પણ અમેરિકાના મૂળવતનીઓને રેડ ઇન્ડિયન અને તેના કિનારાના ટાપુઓને 'વેસ્ટ ઇન્ડિઝ' કહેવાય છે.

### વાસ્કો-દ-ગામા :

ભારત આવવાનો જળમાર્ગ શોધવામાં સફળતા મેળવનાર પોર્ટુગલ દેશનો રહેવાસી વાસ્કો-દ-ગામા હતો. તેનું જહાજ આફ્રિકાની દક્ષિણે કેપ-ઑફ-ગુડ હોપ ફરતું ચક્કર લગાવી આફ્રિકાના પૂર્વ કિનારે મલિન્દી પહોંચીને હિન્દ મહાસાગરમાં આગળ વધતાં મહમદ-ઈબ્ન-મજીદ નામના હિન્દી ખલાસીની મદદથી હિંદ મહાસાગરમાં થઈ 22મી મે, 1498ને દિવસે કાલિકટ બંદરે આવ્યું. એ વખતે કાલિકટનો રાજા ઝામોરિન હતો. તેણે આ પોર્ટુગીઝ લોકોને વેપાર કરવાની છૂટ આપી.



ઝામોરિનના દરબારમાં વાસ્કો-દ-ગામા


ઈ.સ. 1502માં પોર્ટુગીઝોએ વેપાર કરવા માટે કાલિકટમાં કોઠી સ્થાપી; તેના ફરતે કિલ્લો બાંધી અલ્બુકર્ક નામના એક સેનાપતિને તેનો રક્ષક નીમ્યો. અલ્બુકર્કે ઉત્તર તરફ આગળ વધીને ઈ.સ. 1506માં ગોવા જીતી લીધું. સો વર્ષમાં પોર્ટુગીઝો મેંગ્લોર, કોચીન, લંકા, દીવ, ગોવા અને મુંબઈનો બેટ તેમનાં નિયંત્રણમાં લાવી શકયા.

**પોર્ટુગીઝ સત્તાનો અંત :** સત્તરમી સદીની શરૂઆતમાં પોર્ટુગીઝોનો વેપાર બંગાળ તરફ વધવા લાગ્યો. આ સમયે મુઘલ બાદશાહ શાહજહાં દિલ્લીની ગાદી પર હતો. બંગાળમાં તેના સૂબાએ પોર્ટુગીઝોનાં વર્તન સામે શાહજહાંને ફરિયાદ કરી. પરિણામે શાહજહાંના ફરમાનથી તેની હુગલીની કોઠી તોડી પાડવામાં આવી અને વહાણો સળગાવી નાખ્યાં. આમ, પોર્ટુગીઝ સત્તાનો અંત આવ્યો અને પોર્ટુગીઝોની સત્તા ફક્ત દીવ, દમણ અને ગોવા પૂરતી મર્યાદિત રહી.

**Paragraph-7**

# વેપારી શાસકો કેવી રીતે બન્યા ?

રિસેસમાં બાળકો પુસ્તકાલયમાં વાચન કરતાં હતાં. જય અને મિતાલી બે બિલાડી અને વાંદરાની બાળવાર્તા વાંચીને એકબીજાની મજાક કરતા હતા. બાજુમાં બેઠેલા તેમના વર્ગશિક્ષકે જણાવ્યું કે, ' બાળમિત્રો, આ પણ એક નીતિ છે, બેની લડાઈમાં ત્રીજો જ ફાવે. અંગ્રેજોએ તો આ નીતિથી ભારતમાં રાજ્યવિસ્તાર વધાર્યો હતો.' 'સર! એ, કેવી રીતે ?' જયે સવાલ કર્યો. વર્ગશિક્ષકે કહ્યું કે, 'સારું ચાલો વર્ગમાં, હું આજે તમને ભારતમાં આવીને, અંગ્રેજોએ કેવી રીતે ભારતીય રાજાઓ ઉપર પોતાની હકુમત સ્થાપી, તેની વાત કરું'.




અંગ્રેજશાસન

અઢારમી સદીના અંતમાં ભારતમાં રાજનૈતિક ક્ષિતિજ ઉપર અંગ્રેજો એક નવી રાજશક્તિ તરીકે ઉભરવા લાગ્યા હતા. શું તમે જાણો છો કે, અંગ્રેજો ભારતમાં માત્ર વ્યાપાર કરવા આવ્યા હતા. શરૂઆતમાં અંગ્રેજોને ભારતીય પ્રદેશોમાં વેપાર કરવાની સત્તા મેળવવાની હતી. તો પછી તેઓ આખા ભારતના શાસક કેવી રીતે બની ગયા ? આવી તો અનેક બાબતો અંગ્રેજશાસન સાથે જોડાયેલી છે. મૂળ તો તેમને તેમનો વ્યાપાર વધારવો હતો. આથી સરળતા માટે રાજકીય વગ વધારવા તેમણે અંગ્રેજ રાજનીતિ અપનાવી.

**વિચારો**

આજે ભારતમાં વિદેશી કંપનીઓ વેપાર કરવા આવે તો તેઓ સમય જતાં શું સત્તાધીશ થઈ શકે ?

## વેલેસ્લીની વિસ્તાર યોજના

વેલેસ્લી ગવર્નર જનરલ બનીને ભારત આવ્યો ત્યારે ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે તીવ્ર હરીફાઈ ચાલતી હતી. ભારતમાં ફ્રેન્ચો તાકાતવર ન બને તે માટે ભારતનાં દેશી રાજ્યોમાં અંગ્રેજ સત્તાનો પગપેસારો કરવા વેલેસ્લીએ એક યોજના બનાવી. જેને 'સહાયકારી યોજના' કહેવામાં આવે છે. આ યોજના સ્વીકારનાર દેશી રાજ્યોને પોતાના રાજ્યમાં અંગ્રેજ લશ્કર રાખવું પડતું. સૈન્યનો ખર્ચ જે-તે દેશી રાજ્યે ઉપાડવો પડતો. આ સાથે દરેક દેશી રાજ્યમાં એક અંગ્રેજ પ્રતિનિધિ રહેતો. આમાં અંગ્રેજોનું સૈન્ય અને તેમના પ્રતિનિધિ સચવાતા. સામે પક્ષે દેશી રાજ્યોને અંગ્રેજ સૈન્ય મળતું પણ તેનો ઉપયોગ કરી શકતા નહિ. વેલેસ્લીની સહાયકારી યોજનામાં ભારતનાં અનેક રાજ્યો ભોગ બન્યાં. જેમાં નિઝામ, મૈસૂર, અયોધ્યા, ગાયકવાડ, મરાઠા વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. દેશી રાજ્યો માટે સહાયકારી યોજના મીઠા ઝેર જેવી હતી. શરૂઆતમાં રાજવીઓને સલામતી અને મદદ દેખાતી હતી; પરંતુ ધીરે ધીરે વાસ્તવમાં તો તે ગુલામીનો અનુભવ કરાવતી હતી.

વેલેસ્લીની આ વિસ્તાર યોજના (સહાયકારી યોજના)નો પ્રથમ શિકાર હૈદરાબાદ રાજ્યનો નિઝામ બન્યો. પછી મૈસૂર અને અયોધ્યા બન્યાં. તાંજોર અને કર્ણાટકના પણ આવા જ હાલ થયા. મરાઠા સરદારોમાં અંદરો-અંદર ઝઘડા કરાવી, તેમને પણ 'સહાયકારી યોજના'નો ભોગ બનાવ્યા.

મરાઠાઓ સાથે લડાઈ કરીને, નિઝામને ભારે ખુવારી વેઠવી પડી હતી, આથી તેણે સૌથી પહેલાં આ યોજના સ્વીકારી. ટીપુ સુલતાનનું રાજ્ય તો પહેલાં જ અંગ્રેજોની હકૂમતમાં આવી ગયું હતું. નાના ફડનવીસના અવસાનથી મરાઠા સંઘો વચ્ચે ઝઘડા થયા. એક પછી એક મરાઠા રાજ્યો અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' (ડિવાઇડ ઍન્ડ રૂલ) નીતિના ભોગ બન્યાં. અયોધ્યા, ગોરખપુર, તાંજોર, કર્ણાટક, ફરૂખાબાદ વગેરે એક યા બીજા બહાને ખાલસા કર્યાં. આમ, સાત વર્ષના ગાળામાં વેલેસ્લીએ કંપનીનો વિસ્તાર કરી અંગ્રેજ સત્તાને આ યોજના દ્વારા સર્વોપરી બનાવી.



વેલેસ્લીની લડાઈનું દૃશ્ય



વેલેસ્લી

# Paragraph-8

## ઈ.સ. 1857નો સ્વાતંત્ર્યસંગ્રામ

ભારતમાં યુરોપીય પ્રજાના આગમન અને ખાસ કરીને ભારતમાં બ્રિટિશ શાસનની નીતિ-રીતિના પરિણામે રાષ્ટ્રવાદનો ઉદ્ભવ થયો હતો. ઈ.સ. 1857માં ભારતમાં એક મહત્ત્વની ઘટના બની. આ ઘટનાને ભારતમાં રાષ્ટ્રવાદના ઉદયનાં મહત્ત્વનાં પરિબળોમાં પ્રથમ ઘટના તરીકે ગણવામાં આવે છે.

### ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામના ઉદ્ભવનાં કારણો

ભારતમાં અંગ્રેજોએ સત્તા મેળવવા માટે અપનાવેલી દમનકારી કૂટનીતિના (મુત્સદ્દીગીરીને) કારણે ભારતમાં બહોળા પ્રમાણમાં ઊભો થયેલો અસંતોષ એ ઈ.સ. 1857ના સંગ્રામનું મુખ્ય કારણ હતું. આ અસંતોષ કેમ ઊભો થયો તેનાં વિગતવાર કારણો હવે આપણે જોઈએ...

### સામાજિક અને ધાર્મિક કારણો

કંપની સરકારે સામાજિક સુધારણાની જે રીત અપનાવી હતી; તેણે લોકોમાં ભય ઊભો કર્યો હતો. તેમને લાગ્યું કે કંપની સરકાર ઇરાદાપૂર્વક ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરાવી, ભારતના ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરવા માગે છે. લશ્કરમાં, જેલોમાં તથા રેલવેમાં ભારતની સામાજિક વ્યવસ્થાની વારંવાર અવગણના કરવામાં આવતી. સમાજનો મોટો ભાગ એ સમયે રૂઢિચુસ્ત હતો, તેથી નવાં પરિવર્તનોએ તેનામાં અસંતોષ ઊભો કર્યો. પરિણામે કેટલાક લોકો પોતાના સામાજિક-ધાર્મિક માળખાને ટકાવી રાખવા આ સંગ્રામમાં જોડાયા.

### આર્થિક કારણો

એ સમયે અંગ્રેજોની આર્થિક નીતિ ભારતના ભોગે ઇંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવા માટેની હતી. પરિણામે ભારતીય સમાજના મોટા ભાગના વર્ગો આર્થિક રીતે પાયમાલ થઈ ગયા. જમીનદારો અને ખેડૂતો જમીનવિહોણા બનતાં તેમણે સંગ્રામમાં ભાગ લીધો.

### રાજકીય કારણો

ઈ.સ. 1764ના બક્સરના યુદ્ધમાં વિજય બાદ દીવાની સત્તા મળતાં, ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ વિસ્તારવાદની નીતિ અપનાવી. કંપનીના અધિકારીઓએ અન્યાયી વિગ્રહો, કૂટનીતિઓ તથા અયોગ્ય જોડાણવાદથી ભારતના ઘણાખરા પ્રદેશો ઉપર સત્તા સ્થાપી હતી. આ નીતિનો ભોગ બનનાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તથા બિહારના જાગીરદાર રાજા કુંવરસિંહ જેવા અનેક આગેવાનોએ આગળ જતાં આ સંગ્રામનું સુકાન સંભાળ્યું.

### લશ્કરી કારણો

વિશાળ ભારતમાં બ્રિટિશ સૈનિકો અને અધિકારીઓની સંખ્યા ઘણી ઓછી હતી. લશ્કરમાં ભારતીય અને અંગ્રેજ સૈનિકોનું પ્રમાણ લગભગ 6:1નું હતું. લશ્કરમાં ઉચ્ચ હોદ્દાઓ અંગ્રેજ અધિકારીઓ માટે અનામત રાખવામાં આવતા હતા. હિંદી સિપાહીઓને બઢતીની તકો ઘણી મર્યાદિત હતી. હિંદી અને અંગ્રેજી સિપાહીઓના પગારમાં પણ ઘણો મોટો તફાવત હતો. પાયદળના હિંદી સિપાહીને માસિક રૂપિયા 7 જ મળતા જ્યારે અંગ્રેજ સિપાહીને માસિક રૂપિયા 150 જેટલો ઊંચો પગાર મળતો. અંગ્રેજ અફસરો હિંદી સિપાહીઓને ઘણા હલકા અને તુચ્છ સમજતા હતા. તે સમયે ભારતીયો માટે સમુદ્ર ઓળંગવાની મનાઈ હતી. તેનું પાલન નહિ કરનારને પોતાના

સમાજમાં જ્ઞાતિ બહાર મૂકવાની ભારે સજા કરવામાં આવતી. આમ હોવા છતાં હિંદી સિપાહીઓને ફરજિયાત પણે વિદેશમાં બ્રિટિશ યુદ્ધો કરવા માટે મોકલવામાં આવતા. તેથી અન્ય હિંદીઓની જેમ સિપાહીઓને પણ લાગ્યું કે, તેમનો ધર્મ ભયમાં મુકાયો છે. સિપાહીઓ પણ ભારતીય સમાજનું એક અંગ હોવાથી, સામાન્ય પ્રજાએ ભોગવવા પડતાં દુઃખોની સીધી અસર તેમના ઉપર પડતી.

### તાત્કાલિક કારણ

પરદેશી શાસન વિરુદ્ધ લોકોનો રોષ ક્રમશઃ જુદાં જુદાં ક્ષેત્રે વધતો જતો હતો. દરમિયાનમાં ઈ.સ. 1857ના જાન્યુઆરી મહિનામાં ભારતના લશ્કરમાં 'એનફિલ્ડ રાઈફલ' દાખલ કરવામાં આવી. તેમાં વપરાતી કારતૂસો બનાવવા માટે ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હતો. આ કારતૂસોનો ઉપયોગ કરતી વખતે દાંત વડે તોડવી પડતી. ધાર્મિક દૃષ્ટિએ ગાય અને ડુક્કરનું માંસ ખાવાની મનાઈ હોવાથી અનુક્રમે હિંદુ અને મુસ્લિમ સૈનિકોની લાગણી દુભાઈ. અંગ્રેજો તેમને ધર્મભ્રષ્ટ કરવા માગે છે, તેવું તેઓને લાગ્યું. તેમણે તેમના ઉપરી અફસરોને આ અંગે ફરિયાદ કરી; પરંતુ તેનો સંતોષકારક ખુલાસો ન મળતાં સૌપ્રથમ બરાકપુરની 19મી પલટને આ ચરબીવાળા કારતૂસનો ઉપયોગ કરવાનો ઈન્કાર કર્યો. તેથી આખેઆખી પલટનને જ વિખેરી નાખવામાં આવી.

# Paragraph-9

## સંગ્રામનો વ્યાપ અને આગેવાનો



બહાદુરશાહ ઝફર

### દિલ્લી અને બહાદુરશાહ ઝફર

મેરઠના સિપાઈઓ 11મી મેની સવારે દિલ્લી પહોંચી ગયા. તેઓએ ત્યાં રહેલા સિપાઈઓની સહાયથી દિલ્લીનો કબજો લઈ લીધો. 80 વર્ષના વૃદ્ધ બહાદુરશાહ ઝફરને સમજાવટને અંતે હિંદના સમ્રાટ તરીકે જાહેર કર્યો. બહાદુરશાહે સંગ્રામનું નેતૃત્વ સ્વીકારતાં સંગ્રામને પ્રોત્સાહન મળ્યું અને સંગ્રામ દેશના ઘણા ભાગોમાં ફેલાયો.

### કાનપુર અને નાનાસાહેબ

કાનપુરમાં 4 જૂન, 1857થી સંગ્રામ શરૂ થયો. સંગ્રામકારીઓએ શહેરનો કબજો સંભાળી લઈ પેશ્વા નાનાસાહેબને આગેવાની લેવાની ફરજ પાડી. 22 દિવસના ઘેરા બાદ અનાજ-પાણીનો પુરવઠો ખૂટી જતા અંગ્રેજોને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી.



નાનાસાહેબ



કુંવરસિંહ

### બિહાર અને કુંવરસિંહ

બિહારમાં પટણા, જગદીશપુર સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો હતાં. જગદીશપુરના 70 વર્ષના જાગીરદાર કુંવરસિંહે સંગ્રામની આગેવાની લીધી. તેમણે એક નવયુવાનની જેમ અંગ્રેજો સામે લડી તેમનો વીરતાપૂર્વક સામનો કર્યો. એકવાર તેમને હાથના કાંડામાં ગોળી વાગી. ઘાનું ઝેર શરીરમાં વ્યાપી ન જાય એ માટે પોતે જ પોતાની તલવારથી હાથને કોણીમાંથી કાપી ગંગા નદીમાં પધરાવી દીધો હતો. તે મૃત્યુ પામ્યા તે પહેલાં તેમણે પોતાનું જગદીશપુર અંગ્રેજોના કબજામાંથી છોડાવી લીધું હતું.

## ઝાંસી અને વીરાંગના લક્ષ્મીબાઈ

ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ એક વીરાંગના હતાં. તેમના દત્તક પુત્રનો ગાદી ઉપરનો હક અંગ્રેજોએ સ્વીકાર્યો ન હતો. આથી લક્ષ્મીબાઈ પણ સંગ્રામમાં જોડાયાં હતાં. તેઓ સંગ્રામમાં બાહોશ નેતાઓમાંના એક હતાં. તેમણે અંગ્રેજો સામે લડવા સ્ત્રીઓની એક સેના તૈયાર કરી હતી. તેઓ અંગ્રેજો સામે વીરતાપૂર્વક લડતા. અંગ્રેજ અધિકારીઓના મત મુજબ રાણી લક્ષ્મીબાઈ 1857ના સંગ્રામના આગેવાનોમાં શ્રેષ્ઠ સ્ત્રી-નેતા હતી.


ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ


સેનાપતિ તાત્યા ટોપે

## બાહોશ સેનાપતિ તાત્યા ટોપે

કાનપુરના આગેવાન નાનાસાહેબ પેશ્વાએ સૈન્યની આગેવાની બહાદુર અને શક્તિશાળી તાત્યા ટોપેને સોંપી. તાત્યા ટોપે નાનાસાહેબના ખૂબ જ વિશ્વાસુ વ્યક્તિ બન્યા. કાનપુર મુક્તિ માટેની સેનાનું સેનાપતિ - પદ તાત્યાએ કુનેહપૂર્વક સંભાળ્યું. એ તેમની જિંદગીનું પહેલું સેનાધિનાયક પદ હતું. પણ પછી તો બે વર્ષ સુધી તાત્યા ટોપે સમગ્ર દેશની સશસ્ત્ર ક્રાંતિ પર છવાઈ ગયા. તેમણે કાલ્પીને મુક્ત કર્યું. તાત્યા ટોપે જેટલાં યુદ્ધો કોઈ જ સેનાનીએ લડ્યાં ન હતાં.

આ ઉપરાંત પણ ઉત્તર ભારતમાં બરેલી, બનારસ, અલાહાબાદ, આગ્રા, આજમગઢ તથા ગોરખપુરમાં હિંદી સૈનિકો સંગ્રામમાં જોડાયા હતા. રાજપૂતાનામાં અજમેર, નસીરાબાદ, આબુ વગેરે તથા મધ્ય ભારતમાં ગ્વાલિયર, મંદસોર, ઈન્દોર અને ધારમાં પણ સંગ્રામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. દક્ષિણ ભારતમાં સતારા, કોલ્હાપુર, સાવંતવાડી, નારગુડ અને ધારવાડમાં સંગ્રામકારીઓના પ્રયાસો વીરતાભર્યા પણ છૂટાછવાયા હતા.

# Paragraph-10

## 1857નો સંગ્રામ અને ગુજરાત

ગુજરાતમાં સંગ્રામનો આરંભ અમદાવાદની 7મી લશ્કરી ટુકડીએ જૂન, 1857માં કર્યો હતો; પરંતુ તેને તરત જ દબાવી દેવામાં આવ્યો હતો. પંચમહાલનાં દાહોદ, ઝાલોદ અને ગોધરામાં જુલાઈ મહિનામાં સંગ્રામના બનાવો બન્યા હતા. સૈનિકોએ લોકોની મદદ વડે સરકારી કચેરીઓ કબજે કરી; પરંતુ છેવટે સરકારી દળોએ તેમને હરાવ્યા. પંચમહાલના નાયકડા લોકોનો સંગ્રામ લગભગ એક વરસ સુધી ચાલુ રહ્યો હતો.

ખેડા જિલ્લામાં આણંદના મુખી ગરબડદાસ પટેલે કોળી, નાયકડા વગર જાતિના આશરે 2000 લોકોને ભેગા કરી ખાનપુરના ઠાકોર જીવાભાઈના સાથથી સંગ્રામ છેડ્યો હતો. તેમને અંગ્રેજોનો સામનો કરવા માલાજી જોષી અને કૃષ્ણદાસ દવેએ પણ સાથ આપ્યો હતો. અંતે ગરબડદાસના સાથીઓ પકડાઈ જતાં તેમને સરકારે તોપને ગોળે ચઢાવ્યા. જ્યારે ગરબડદાસને દેશનિકાલની સજા રૂપે અંદમાન મોકલી આપ્યા; જ્યાં તેમનું અવસાન થયું.

ઈડરથી 16 માઈલ દૂર ચાંડુપ (ચાંડપ) ગામના લોકો નાથાજી અને યામાજીની આગેવાની સ્વીકારી સંગ્રામમાં જોડાયા. ઓખામંડળ અને બારાડી વચ્ચે નંદાણા ગામમાં બ્રિટિશ લશ્કરી છાવણી હતી. નૌસેનાનો સેનાપતિ ડોનાવન અધીરો બની 4 ઑક્ટોબરની વહેલી સવારે તો સૈન્ય લઈ બેટની ખાડીમાં પહોંચી ગયો. સામે હતો બેટ દ્વારકાનો કિલ્લો. ડોનાવને તોપમારાનો આદેશ આપ્યો. વાઘેરો પાસે તો આવી કોઈ આધુનિક યુદ્ધસામગ્રી હતી નહિ. કિલ્લા પર ધડાધડ ગોળા છૂટવા માંડ્યા. વાઘેર સ્ત્રીઓએ રસ્તો શોધી કાઢ્યો. તેમણે પોતપોતાનાં ઘેર ગાદલાં હતાં તે પલાળીને ભીના કર્યા અને કિલ્લા પર આવી. પુરુષોને કહ્યું કે તમે હથિયારોથી યુદ્ધ કરો અમે તોપગોળા આ ભીંજાયેલા ગોદડામાં ઝીલી લઈને ઠંડાગાર કરી દઈશું. આ કામ વાઘેર સ્ત્રીઓએ કર્યું. દુનિયાના ઇતિહાસમાં આવું ક્યાંય બન્યું નથી. આ એક એવી ઘટના છે; જેમાં પોતાના જાનની પરવા કર્યા વગર મહિલાઓએ અંગ્રેજ દુશ્મનોના તોપગોળાને ઝીલીને નકામા બનાવી દીધા હોય ! ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવું જ આ સાહસિક કામ હતું. આ બધી લક્ષ્મીબાઈઓ જ હતી, ગુજરાતની લક્ષ્મીબાઈઓ !!

ઉત્તર ગુજરાતમાં પાટણ, ખેરાલુ, ભિલોડા, મુડેટી વગેરે જગ્યાએ સ્થાનિક લોકોની સહાયથી સંગ્રામ થયો. આ ઉપરાંત ડિસેમ્બર, 1858માં સૈન્ય સાથે તાત્યા ટોપે ગુજરાતમાં આવી પંદર દિવસ પંચમહાલમાં રોકાયા હતા. અંગ્રેજ લશ્કર પાછળ પડતાં છેવટે તેમને વાંસવાડાનાં જંગલો તરફ જવાની ફરજ પડી હતી.

**વિચારો**

- 1857ના સંગ્રામના એક સૈનિક તરીકે તમે હોત તો તમે કેવું આયોજન કર્યું હોત ?
- અંગ્રેજ લશ્કર સામે સંગ્રામીઓને લડવામાં કેમ મુશ્કેલી પડતી હતી ?

### સંગ્રામનો અંત

સંગ્રામ દરમિયાન અંગ્રેજ સરકારને શસ્ત્રો અને સૈનિકોનો નવો પુરવઠો ઇંગ્લૅન્ડ, ઈરાન વગેરે સ્થળેથી મળ્યો હતો. ઈ.સ. 1857ની 10મી મેએ સંગ્રામની શરૂઆત થઈ હતી; પરંતુ ઈ.સ. 1857ના જૂનના અંતમાં તો અંગ્રેજો પાસે બનારસ અને અલાહાબાદ પુનઃ આવી ગયાં હતાં. જુલાઈના અંતમાં કાનપુર જીતી લીધું હતું. સપ્ટેમ્બર 1857માં દિલ્લી પાછું મેળવ્યું. બહાદુરશાહ અને તેની બેગમ જીનતમહાલ કેદ પકડાયા, તેમના શાહજાદાઓનો અંગ્રેજોએ વધ કર્યો. બહાદુરશાહ અને તેની બેગમને બર્માની રાજધાની રંગૂનની જેલમાં રાખવામાં આવ્યાં જ્યાં તેમનાં મૃત્યુ થયાં.

માર્ચ, 1858માં લખનૌ પાછું મેળવ્યું. ઝાંસીની રાણીના જ એક વિશ્વાસઘાતીના કારણે ઝાંસીનું પતન થતાં; તે કાલ્પી તરફ ગયા. તેણે પછી પણ ખૂંખાર લડાઈ લડી વીરગતિ પામ્યા. જગદીશપુરના કુંવરસિંહને લડાઈમાં મરણતોલ ઘા વાગવાથી એપ્રિલ, 1858માં મૃત્યુ પામ્યા.

નાનાસાહેબ પેશ્વા અંતિમ પરાજય બાદ નેપાળ તરફ ગયા. પાછળથી તેમણે ભાવનગર જિલ્લાના શિહોર ગામે વસવાટ કર્યો હોવાનું મનાય છે. ઈ.સ. 1902માં તેમનં અવસાન થયું હોવાનું કહેવાય છે. એક પરિચિતે વિશ્વાસઘાત

# Paragraph-11

### રામકૃષ્ણ પરમહંસ :



રામકૃષ્ણ પરમહંસ

રામકૃષ્ણ પરમહંસ ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર અને બધા જ ધર્મોના સત્યને પામનાર સંત અને સુધારક હતા. તેમનો જન્મ બંગાળના હુગલી જિલ્લાના કામારપુકુર ગામમાં થયો હતો. તેમને બાળપણથી જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ હતો. તેઓ કોલકાતા પાસે આવેલા દક્ષિણેશ્વરમાં કાલિમાતાના મંદિરના પૂજારી હતા. તેમણે ઈશ્વરને વિવિધ રૂપે પામવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના શુદ્ધ ચારિત્ર્ય અને જ્ઞાનભક્તિના ઉપદેશથી અનેક લોકો તેમની પાસે આવતા. કેશવચંદ્રસેન તથા દયાનંદ સરસ્વતી સહિત ઘણા ધાર્મિક સુધારકોએ તેમની પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. પાશ્ચાત્ય અસરમાં આવેલા લોકોને રામકૃષ્ણ પરમહંસના બોધથી પોતાના ધર્મ અને સંસ્કૃતિમાં પુનઃ શ્રદ્ધા પેદા થઈ.

### સ્વામી વિવેકાનંદ :



સ્વામી વિવેકાનંદ

નરેન્દ્રનાથ દત્ત (ઈ.સ. 1863-1902) નામના બંગાળી સ્નાતક રામકૃષ્ણ પરમહંસના સંપર્કમાં આવ્યા. રામકૃષ્ણે નરેન્દ્રની જ્ઞાનપિપાસાની તૃપ્તિ કરી. નરેન્દ્ર, રામકૃષ્ણના શિષ્ય બન્યા અને સંન્યાસ ધારણ કરીને સ્વામી વિવેકાનંદ નામ ધારણ કરી, ભારતીય અને પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી બન્યા.

સ્વામી વિવેકાનંદે લોકોને દુઃખી માનવોની સેવા કરવા અને તેમાં જ ઈશ્વરનાં દર્શન કરવાનો બોધ આપ્યો. તેમણે ભારતના યુવાનોમાં ભૂતકાળ પ્રત્યે ગૌરવ અને ભવિષ્ય માટે શ્રદ્ધા જાગૃત કરી. તેમણે ઈ.સ. 1893માં યુનાઈટેડ સ્ટેટ્સના શિકાગોમાં ભરાયેલી અખિલ વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપી હતી. તેમાં તેમણે છટાદાર ભાષણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની સમજ આપી હતી. ત્યાર બાદ યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, ઈજિપ્ત, ચીન, જાપાન વગેરે દેશોમાં પ્રવાસ કરીને ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કર્યો. તેઓ ભારતીય સંસ્કૃતિના પ્રશંસક અને પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. તેમણે ભારતીયોને **'ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો'**નું સૂત્ર આપ્યું.

સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1897માં પોતાના ગુરુના નામ પરથી બેલૂરમાં **'રામકૃષ્ણ મિશન મઠ'**ની સ્થાપના કરી. આ મિશને વિવિધ કાર્યો દ્વારા માનવસેવા કરવાનો આદર્શ અપનાવ્યો. રામકૃષ્ણ પરમહંસના જીવનમાંથી પ્રેરણા મેળવી 'જનસેવા એ જ પ્રભુસેવા'ના સૂત્રનો મિશને અમલ કર્યો. દેશમાં શાળાઓ ખોલી શિક્ષણ આપવાનું અને દવાખાનાં દ્વારા સેવાનું કાર્ય કરવામાં આવે છે. આ મિશનની શાખાઓ ભારતમાં અને દેશવિદેશમાં આજે પણ કાર્યરત છે.

### મુસ્લિમ સમાજમાં સુધારાની ચળવળ

ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્તરપ્રદેશમાં રાયબરેલીના સૈયદ અહમદખાન અને બંગાળના શરીઅતુલ્લા જેવા લોકોની આગેવાની હેઠળ મુસલમાનોમાં સામાજિક અને ધાર્મિક જાગૃતિનો આરંભ થયો. તેમણે ધાર્મિક નેતા દિલ્હીના શાહ વલીઉલ્લાહના ઉપદેશમાંથી પ્રેરણા મેળવી હતી. તેઓ માનતા હતા કે ભારતમાં ઈસ્લામધર્મ દૂષિત થવાથી દેશ ઉપર અંગ્રેજોએ શાસન સ્થાપ્યું હતું. તેમણે ઈસ્લામધર્મ અને સંસ્કૃતિને મજબૂત અને શુદ્ધ કરવા **'વહાબી આંદોલન'** ચલાવ્યું.

વહાબી આંદોલન બાદ થોડા મુસલમાનોમાં પાશ્ચાત્ય વિચારોનો પ્રભાવ વધતાં અંગ્રેજી શિક્ષણનું પ્રમાણ વધ્યું. ઉલેમાઓની રૂઢિચુસ્તતાને લીધે મુસલમાનો અંગ્રેજી શિક્ષણ અને આર્થિક તથા સામાજિક લાભોથી વંચિત રહ્યા. તેથી મુસલમાનોમાં શિક્ષિત અને મધ્યમવર્ગનો ઉદય ઠીક ઠીક સમય સુધી થયો નહીં.

સર સૈયદ અહમદખાનનો જન્મ ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેઓ ઈ.સ. 1857ના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે કંપની સરકારની નોકરીમાં હતા અને તે વખતે કંપનીને વફાદાર રહ્યા હતા. ઈ.સ. 1869માં નિવૃત્તિ પછી તેઓ ઇંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયા. તેમણે મુસલમાનોને અંગ્રેજી કેળવણી લઈને તેમનું પછાતપણું અને રૂઢિચુસ્તતા દૂર કરવાનો આગ્રહ કર્યો. તેમણે ઈ.સ. 1870માં 'તહઝિબ-ઉલ-અખલાક' નામનું સામયિક શરૂ કર્યું. ઈ.સ. 1875માં અલીગઢમાં મુસ્લિમ કૉલેજની સ્થાપના કરી, જે 'અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી' તરીકે ઓળખાય છે. તેમણે અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનના ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરી, મુસલમાનોને પાશ્ચાત્ય જ્ઞાનથી પરિચિત કરાવ્યા. તેમણે બુરખાપ્રથા અને બાળલગ્નપ્રથાનો વિરોધ કર્યો અને વિધવાવિવાહ તથા સ્ત્રી કેળવણીની તરફેણ કરી.

### શીખસમાજ :

ઓગણીસમી સદીના સુધારાની અસરે શીખસમાજને પણ પ્રભાવિત કર્યો. ગુરુદ્વારાઓમાં પ્રવેશેલાં દૂષણો દૂર કરવા માટે અને સારી વ્યવસ્થા માટે **'શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ'**ની રચના કરવામાં આવી. શીખોમાં ધાર્મિક શિક્ષણની સાથે પાશ્ચાત્ય કેળવણી આપવા માટે **અમૃતસરમાં 'ખાલસા કૉલેજ'** તથા શાળાઓ સ્થાપવામાં આવી.



દાદાભાઈ નવરોજી

### પારસી સમાજ :

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સમાજસુધારણા માટે ઈ.સ. 1851માં 'રહનુમા-ઈ-મઝદયસ્નન સભા'ની સ્થાપના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ **'રાસ્ત ગોફ્તાર'** નામનું મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલનને વેગવંતુ બનાવ્યું. કે. આર. કામા તથા બહેરામજી મલબારીએ પણ ધર્મ અને સમાજસુધારણાનું કાર્ય કર્યું. કામાએ શિક્ષણના પ્રચાર ઉપર અને મલબારીએ સ્ત્રી-ઉન્નતિ પર ભાર મૂક્યો. તેમણે બાળલગ્નનો વિરોધ કર્યો તથા વિધવા-વિવાહને ઉત્તેજન આપ્યું. મલબારીના પ્રયત્નોને લીધે સરકારે ઈ.સ. 1891માં લગ્ન માટે સંમતિ વય ઠરાવતો કાયદો ઘડ્યો હતો.



જ્યોતિબા ફૂલે

### જ્યોતિબા ફૂલે :

જ્યોતિબા ફૂલે મહારાષ્ટ્રના જાણીતા સમાજસુધારક હતા. તેમણે સ્ત્રીઓ તથા દલિતોના પ્રશ્નો હાથ ઉપર લીધા. ઈ.સ. 1857માં તેમણે પૂનામાં કન્યાશાળા શરૂ કરી. તેમણે વિધવાઓને પુનર્લગ્ન કરવામાં મદદ કરી. સમાજમાં બ્રાહ્મણોના આધિપત્ય સામે પડકાર ફેંક્યો. લોકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને ઉત્સાહ જગાડવા માટે તેમણે **'સત્ય-શોધક સમાજ'**ની સ્થાપના કરી.

# Paragraph-12

## ભારતના ક્રાન્તિવીરો

આજે શહીદદિન હોવાથી બિન્દાની શાળામાં 'ધી લીજેન્ડ ઑફ ભગતસિંહ' ફિલ્મ દર્શાવવાની હતી. વર્ગશિક્ષક વર્ગખંડમાં પ્રવેશતાં જ એક પંક્તિ બોલ્યા :

*'સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ,*
*દેખના હૈ જોર કિતના બાજુ-એ-કાતિલ મેં હૈ.'*

આ પંક્તિ બોલ્યા બાદ વર્ગશિક્ષકે ભારતના વીર ક્રાન્તિકારીઓ વિશે જણાવ્યું.

આપણા દેશની સ્વરાજયાત્રાના લાંબા ગાળામાં નામી-અનામી અનેક શહીદો થયા છે. 1857ના સ્વાતંત્ર્ય-સંગ્રામ પછી દેશમાં અંગ્રેજ સરકાર સામે વ્યક્તિગત રીતે કે સંગઠન કરીને હથિયાર ઉપાડનાર વીરોની મર્દાનગીની કથાઓ આજે ગર્વથી યાદ કરવામાં આવે છે. જે યુવકોએ વીરતાપૂર્વક હથિયાર ઉપાડ્યાં, તેઓ આપણા દેશનાં ઇતિહાસમાં ક્રાન્તિકારીઓ તરીકે જાણીતા છે. તેમની પ્રવૃત્તિઓ ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ગણાય છે. આ પ્રવૃત્તિમાં શિક્ષિત, અશિક્ષિત, રાજવંશી અને સામાન્ય જનોએ ભાગ લીધો હતો. ભારતના બધા ભાગોમાં ઓછાવત્તા પ્રમાણમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિ વહેલીમોડી અવશ્ય થઈ હતી. મહારાષ્ટ્રમાં આ ક્રાન્તિના પ્રણેતા અને ક્રાન્તિકારી પ્રવૃત્તિઓના પ્રથમ શહીદ વાસુદેવ બળવંત ફડકે હતા.

**પ્રવૃત્તિ**

વર્તમાન સમયની કોઈ એક ક્રાન્તિકારી પ્રવૃત્તિ વિશે જાણો અને તમારા શબ્દોમાં નોંધ લખો.



ક્રાન્તિની મશાલ

**ચિનગારી**

માલિક તેરી રજા રહે ઔર તું હી તું રહે,
બાકી ન મૈં રહૂઁ ન મેરી આરઝુ રહે
જબ તક હૈ તન મેં જાન, રગો મેં લહુ રહે
તેરા હો જિક્ર યા તેરી હી જુસ્તજૂ રહે.

**- રામપ્રસાદ બિસ્મિલ**

## વાસુદેવ બળવંત ફડકે :



વાસુદેવ બળવંત ફડકે

ભારતમાં ક્રાન્તિકારી પ્રવૃત્તિની સૌપ્રથમ શરૂઆત કરનાર વાસુદેવ બળવંત ફડકે હતા. તેઓ પૂણેમાં નોકરી કરતા હતા. અંગ્રેજ સરકારના અન્યાયી ત્રાસથી કંટાળીને વાસુદેવ ફડકેએ નોકરી છોડી દીધી. દેશને ગુલામીમાંથી મુક્ત ન કરું, ત્યાં સુધી કપાળ પર ચંદન ન લગાડવાની તથા કેશકર્તન ન કરવાની પ્રતિજ્ઞા લીધી. વાસુદેવ ફડકેએ અંગ્રેજ સરકાર સામે દેશવ્યાપી સશસ્ત્ર સંગઠનની ગુપ્ત યોજના બનાવી હતી.

અંગ્રેજ સરકારે ફડકેના માથા માટે રૂપિયા ચાર હજારનું ઇનામ જાહેર કર્યું હતું. વાસુદેવ ફડકે અંગ્રેજ થાણાં પર હુમલા કરવા, સરકારી તિજોરી લૂંટવી, બંદૂકો ચલાવવાની તાલીમ આપતા. અંગ્રેજ સરકાર ફડકેની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓથી ચોંકી ઊઠી. તેણે કોઈ પણ ભોગે ધરપકડ કરવાનો આદેશ આપ્યો.

**આટલું જાણો**

હૈદરાબાદ જિલ્લાના એક ગામમાંથી રાત્રિના ત્રણ વાગે નિદ્રાવસ્થામાં વાસુદેવ ફડકેની ધરપકડ કરવામાં આવી. તેમને જેલમાં પૂર્યા તો જેલની દીવાલ કૂદીને ભાગ્યા. 25 કિલોમીટરની દોડ પછી પકડાયા. જેલમાં તેમના પર અત્યાચારો થયા. ફેબ્રુઆરી, 1883માં એડન જેલમાં અવસાન પામ્યા.



વીર સાવરકર

## વીર સાવરકર :

વિનાયક દામોદર સાવરકરનો જન્મ 28 મે, 1883ના રોજ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ભગૂર નામના ગામમાં થયો હતો. નાનપણથી જ તેઓ ક્રાન્તિકારી વિચારો ધરાવતા હતા. તેમણે 'મિત્રમેલા' નામની સંસ્થા સ્થાપી હતી, જે પાછળથી 'અભિનવ ભારત' નામથી જાણીતી બની. આ સંસ્થાનો હેતુ સશસ્ત્ર વિપ્લવ દ્વારા ભારતમાંથી અંગ્રેજ શાસનનો અંત લાવવાનો હતો.

વીર સાવરકરે ભારતમાં વિદેશી કાપડની સૌપ્રથમ હોળી કરી હતી. શ્યામજી કૃષ્ણ વર્માની સંસ્થામાંથી શિષ્યવૃત્તિ મેળવી વધુ અભ્યાસ માટે લંડન ગયા. વીર

**Paragraph-13**

## ધાર્મિક-સામાજિક જાગૃતિ

ઓગણીસમી સદીમાં ભારતીય સમાજ અંધશ્રદ્ધા, વહેમો, અજ્ઞાનતા, કુરિવાજો, જ્ઞાતિપ્રથા જેવાં અનિષ્ટોની ચુંગાલમાં ફસાયેલો હતો. સંકુચિત અને કૂપમંડૂક સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ બદતર હતી. બાળકીને 'દૂધપીતી' કરવાનો રિવાજ, સતીપ્રથા, વિધવાવિવાહ-નિષેધ વગેરે જેવા કુરિવાજો વ્યાપેલા હતા. પાશ્ચાત્ય શિક્ષણને કારણે આવાં અનિષ્ટોને દૂર કરવા માટે ઓગણીસમી સદીમાં 'નવજાગૃતિ' આવી તથા સામાજિક અને ધાર્મિક સુધારણાનાં આંદોલનો શરૂ થયાં. આમાં રાજા રામમોહનરાય સૌપ્રથમ હતા.

### રાજા રામમોહનરાય :


રાજા રામમોહનરાય

રાજા રામમોહનરાયનો જન્મ ઈ.સ. 1772માં બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. રાજા રામમોહનરાયનું લગ્ન બાળપણમાં થયું હતું. વળી, તેમના ભાઈનું અવસાન થતાં તેમનાં ભાભી સતી થયાં. આ ઘટનાએ રાજા રામમોહનરાયને ખૂબ અસર કરી. તેમણે સતીપ્રથા, બાળલગ્ન, જ્ઞાતિપ્રથા, બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ વગેરેનો ઉગ્ર વિરોધ કર્યો અને એ માટે આંદોલનો ચલાવ્યાં. તેમણે ઈ.સ. 1821માં બંગાળીમાં 'સંવાદ-કૌમુદી' અને ઈ.સ. 1822માં ફારસી ભાષામાં 'મિરાત-ઉલ-અખબાર' નામનાં સમાચારપત્રો શરૂ કર્યાં હતાં. ઈ.સ. 1828માં 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી. રાજા રામમોહનરાયે કોલકાતામાં હિંદુ કૉલેજની સ્થાપના કરી. તેમણે અખબારી- સ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, સ્ત્રી-અધિકાર, વ્યક્તિસ્વાતંત્ર્ય, કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવા જેવી બાબતોની બ્રિટિશ સરકારને ભલામણ કરી.

રાજા રામમોહનરાયે સતીપ્રથાના વિરોધમાં ઝુંબેશ ચલાવી હતી. તેના પરિણામે ઈ.સ. 1829માં અંગ્રેજ ગવર્નર વિલિયમ બૅન્ટિકે સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂક્તો કાયદો ઘડ્યો. આમ, રાજા રામમોહનરાયે ઓગણીસમી સદીમાં ભારતની નવજાગૃતિ


માટેની સામાજિક, ધાર્મિક અને રાજકીય ચળવળનો પાયો નાખ્યો. દિલ્હીના બાદશાહે પોતાના જાગીરી હક અંગેના કેસ બાબતે રાજા રામમોહનરાયને ઈ.સ. 1830માં ઇંગ્લૅન્ડ મોકલ્યા. ઈ.સ. 1833માં બ્રિસ્ટોલ મુકામે તેમનું અવસાન થયું. બ્રહ્મોસમાજે હિંદુ સમાજની દૃષ્ટિ બદલવામાં અગત્યનો ફાળો આપ્યો. હિંદમાં ધર્મના જડ અને અંધશ્રદ્ધાવાળા વિચારોને દૂર કર્યા.

**વિચારો**

- તમારા ગામમાં તમે કોઈને ત્યાં અંધશ્રદ્ધા કે કુરિવાજો ચાલતા જોશો તો તમે શું કરશો ? ત્યાં જઈને શું વાત કરશો ?
- અંધશ્રદ્ધા અને કુરિવાજો તમે કોને કહેશો ?
- રાજા રામમોહનરાયે અખબારો કેમ શરૂ કર્યાં ?

### દયાનંદ સરસ્વતી :

દયાનંદ સરસ્વતીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી નજીક ટંકારા ગામમાં સનાતન બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમને નાની વયે મૂર્તિપૂજા અને કર્મકાંડની બિનઉપયોગિતા સમજાઈ. તેમણે સત્યની શોધમાં ગૃહત્યાગ કર્યો અને 15 વર્ષ સુધી દેશભરમાં પરિભ્રમણ કરી યોગનો અભ્યાસ કર્યો. સંન્યાસ લઈ મથુરામાં સ્વામી બિરજાનંદ પાસે હિંદુ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો.



દયાનંદ સરસ્વતી

સ્વામી દયાનંદ સરસ્વતીએ વર્ગ અને જ્ઞાતિવિહીન સમાજરચના દ્વારા ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ દેશની એકતા સાધવાનો પ્રયત્ન કર્યો. તેમણે વેદોમાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિનાં દર્શન કર્યાં. તેમણે લોકોને 'વેદો તરફ પાછા વળો'નો બોધ આપ્યો. તેમણે 'સત્યાર્થ-પ્રકાશ' નામના ગ્રંથની રચના કરી. તેમણે જણાવ્યું કે વેદોમાં મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતાનો ઉલ્લેખ થયો નથી. તેમણે એકેશ્વરવાદનો બોધ આપ્યો. તેઓ હિંદી ભાષામાં બોધ આપતા હતા તેથી તેમના વિચારો દેશના લોકો સુધી પહોંચી શક્યા. દયાનંદ સરસ્વતીએ 'આર્યસમાજ'ની સ્થાપના કરી (ઈ.સ. 1875). લાહોર, પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન ને ગુજરાતમાં આર્યસમાજનો ઝડપથી પ્રચાર થયો. તેના પરિણામે ઝડપી સામાજિક પરિવર્તન આવ્યું. આર્યસમાજે ધર્માંતર પામેલા હિંદુઓને હિંદુધર્મમાં પાછા લાવવા માટે 'શુદ્ધિ-ચળવળ' શરૂ કરી, જેને કારણે પરધર્મ સ્વીકાર્યો હોય કે સ્વીકારવાની ફરજ પડી હોય તેવા હિંદુઓને પાછા આવવા માટેના દ્વાર પ્રથમ વાર ખુલ્લાં મુકાયાં.

સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત અને લાલા લજપતરાય જેવા નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. 1902માં હરદ્વાર પાસે 'કાંગડી' ગુરુકુલ સ્થાપ્યું. આ ઉપરાંત ગુજરાતમાં વડોદરામાં આર્યકન્યા વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું, જેમાં શિસ્ત, શ્રમ, સંયમ અને ચારિત્ર્યના પાઠોનું શિક્ષણ આપવામાં આવતું હતું.

# Paragraph-14

### મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી (1885-1905)

મહાસભાની પ્રથમ તબક્કાની કામગીરી બંધારણીય હતી. મહાસભાએ સરકાર સમક્ષ રાજકીય હકો, આર્થિક અને સામાજિક વિકાસ અને શૈક્ષણિક પ્રગતિ માટે કરેલી માંગણીઓને અંગ્રેજ સરકારે અવગણી હતી. આ માંગણીઓએ ભવિષ્યની લડત માટે મજબૂત પાયો નાખ્યો હતો. સરકારી નોકરીઓમાં હિંદીઓને વધારે પ્રમાણમાં લેવા, લશ્કરી અને મુલકી ખાતાંઓમાં થતો ખર્ચ ઘટાડવો, ખેડૂતોને દેવામાં રાહત આપવી, ગૃહઉદ્યોગોને સજીવન કરવા વગેરે માગણીઓ કરવામાં આવતી.

મહાસભા દ્વારા કેન્દ્રિય તેમજ પ્રાંતિક ધારાગૃહોનો વિસ્તાર કરીને તેમાં 50 ટકા સભ્યો ચૂંટાયેલા રાખવા તથા કારોબારીને શક્ય તેટલી હદે ધારાસભાને જવાબદાર બનાવવી - જેવા ઠરાવ પણ પસાર કરવામાં આવ્યા હતા. મહાસભાની રજૂઆતને લીધે સરકારે અખબારો પરનાં નિયંત્રણો દૂર કરી વ્યક્તિસ્વાતંત્ર્ય તથા વાણીસ્વાતંત્ર્ય આપતા કાયદાઓ પસાર કર્યા હતા. મહાસભાએ શિક્ષિતવર્ગમાં રાષ્ટ્રીય ચેતના જગાવીને તેને રાજકીય તાલીમ આપી. તેનાથી ભવિષ્યનાં સ્વાતંત્ર્યસંગ્રામો માટે યોગ્ય નેતાઓ મળ્યા.

**પ્રવૃત્તિ**

**કોઈ પણ સામાજિક સંસ્થાની મુલાકાત લઈ તેની કાર્યપદ્ધતિ વિશે જાણો.**

### 'ભાગલા પાડો અને રાજ કરો' (ડિવાઈડ ઍન્ડ રૂલ) :

હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ની સ્થાપનાની શરૂઆતમાં અંગ્રેજ શાસકો તેના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા, પરંતુ થોડા સમયમાં જ તેઓ વિરોધી બન્યા. કૉંગ્રેસના અધિવેશનમાં શરૂમાં સરકારી અધિકારીઓ હાજર રહેતા. પાછળથી સરકારે તેમને કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવા પર પ્રતિબંધ મૂક્યો. ગવર્નર જનરલ કર્ઝને રાષ્ટ્રીયતા વિરોધી કેટલાંક પગલાં ભર્યાં અને ભારતના લોકમતની અવગણના કરી. તેણે 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવીને બંગાળાનું ઈ.સ. 1905માં વાઈસરૉય કર્ઝને વિભાજન કર્યું.

### બંગાળાના ભાગલા (1905) :

બંગાળા બ્રિટિશ હિંદનો સૌથી મોટો પ્રાંત હતો. તેમાં બિહાર અને ઓરિસ્સાના કેટલાક પ્રદેશોનો સમાવેશ થતો. તેની વસ્તી 7 કરોડ 80 લાખથી વધુ હતી. આટલા મોટા પ્રાંતનો વહીવટ કરવાનું મુશ્કેલ હોવાથી તેનું વિભાજન કરવું જરૂરી હતું. આમ છતાં તે પ્રાંતમાંથી બિહાર અને ઓરિસ્સાના પ્રદેશ અલગ કરવાને બદલે મુસ્લિમ બહુમતીવાળા પૂર્વ બંગાળાને તેમાંથી અલગ કરવામાં આવ્યું. બંગાળા તે સમયે સૌથી વધુ જાગૃત પ્રાંત હતો. વાઈસરૉય કર્ઝન મુસ્લિમ બહુમતીને અલગ કરી હિન્દુ-મુસ્લિમ વચ્ચે કોમવાદ ઊભો કરીને વધતી જતી રાજકીય જાગૃતિને નબળી પાડવા માગતો હતો. રાષ્ટ્રીય નેતાઓ અને લોકો સરકારનો ઈરાદો સમજી ગયા અને તેઓએ આ યોજનાનો ઉગ્ર વિરોધ કર્યો.

**વિચારો**

બંગાળાના ભાગલાથી કઈ-કઈ બાબતે નુકસાન થઈ શકે તેમ હતું ?

### બંગભંગનું આંદોલન :

બંગાળાની એકતાને તોડનારા આ ભાગલાનો વિરોધ કરવા બંગાળામાં જાહેરસભાઓ અને સરઘસોના કાર્યક્રમો થયા. અસંખ્ય પત્રિકાઓ વહેંચાઈ. આ આંદોલનમાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની 'આનંદમઠ' નવલકથાનું 'વંદેમાતરમ્' ગીત લડાઈનો નારો બની ગયું. આખા દેશમાં રાષ્ટ્રીય ભાવનાનું અભૂતપૂર્વ મોજું ફરી વળ્યું.



3.5 બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

જે દિવસે ભાગલાનો અમલ શરૂ થયો, તે દિવસ બંગાળામાં 'શોકદિન' તરીકે ઊજવવામાં આવ્યો. આખા પ્રદેશમાં હડતાળ પાડવામાં આવી. રવીન્દ્રનાથ ઠાકુર(ટાગોર)ના સૂચનથી તે દિવસને 'એકતાદિન' તરીકે પણ ઊજવવામાં આવ્યો.

### સ્વદેશી આંદોલન :

બંગભંગની લડતને ઉગ્ર અને વ્યાપક બનાવવાનું નક્કી થયું. આ ચળવળનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : (1) સ્વદેશી માલનો વેપાર કરવો (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો (3) રાષ્ટ્રીય શિક્ષણ લેવું.

આ ઉદ્દેશોને હાંસલ કરવા બંગાળના લોકોએ વ્યાપક લડત ચલાવી. એક લડતસમિતિની રચના કરવામાં આવી. તેમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ અને અરવિંદ ઘોષ જેવા કૉંગ્રેસના આગળ પડતા નેતા હતા. વિદેશી કાપડ અને અન્ય ચીજવસ્તુનો બહિષ્કાર કરી સ્વદેશી માલ વાપરવા લોકોને આગ્રહ કરવામાં આવ્યો. સ્વદેશી માલના ફાયદા સમજાવવામાં આવ્યા. વર્તમાનપત્રોનાં લખાણો, સરઘસો, જાહેરસભાઓ અને લોકગીતો દ્વારા સ્વદેશીનો પ્રચાર કરવામાં આવ્યો. સ્વદેશી માલ બનાવનારાં કારખાનાં શરૂ થયા. ઇંગ્લૅન્ડથી આયાત થતા કાપડ, મીઠું, ખાંડ, બૂટ, સિગારેટ, તમાકુ વગેરેની આયાતો ઘટી અને ભારતમાં બનેલા કાપડ અને અન્ય ચીજવસ્તુનું વેચાણ વધ્યું. સ્વદેશી ચળવળ બંગાળા ઉપરાંત હિંદના અન્ય પ્રાંતોમાં પણ ફેલાઈ.

**પ્રવૃત્તિ**

(1) ધારો કે તમે ઈ.સ. 1905ના સમયના વિદ્યાર્થી છો. દેશમાં સ્વદેશીની ચળવળ ચાલે છે. આ ચળવળમાં લોકોને જોડાવા આહ્વાન કરતાં પોસ્ટર બનાવો.

(2) હાલ તમારી આસપાસ જોવા મળતી ચીજવસ્તુઓમાંથી સ્વદેશી અને વિદેશી ચીજવસ્તુઓની યાદી બનાવો.

### રાષ્ટ્રીય શિક્ષણ :

સ્વદેશી અને બહિષ્કાર સાથે સંકળાયેલું 1905ના આંદોલનનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ રાષ્ટ્રીય શિક્ષણનું હતું. બંગભંગની ચળવળમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી વિદ્યાર્થીઓને સામૂહિક દંડ કરવાથી માંડીને તેમને શાળા-કૉલેજમાંથી કમી (બરતરફ) કરવા સુધીનાં પગલાં ભરવામાં આવ્યાં, પરિણામે વૈકલ્પિક શિક્ષણ તરીકે રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરવામાં આવી. બંગાળામાં ઈ.સ. 1907માં 25 રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ હતી. રવીન્દ્રનાથ ટાગોરે ઈ.સ. 1901માં શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાલય શરૂ કરી. અંગ્રેજ સરકાર બંગભંગની લડતને તોડી પાડવામાં નિષ્ફળ રહી. છેવટે ઈ.સ. 1911માં અંગ્રેજ સરકારને બંગાળાના ભાગલા રદ કરવાની ફરજ પડી. બંગાળની પ્રજાનો શાંત અને અહિંસક માર્ગે મેળવેલો આ એક યાદગાર અને ઐતિહાસિક વિજય હતો.

## Paragraph-15



અશફાક ઉલ્લાખાં

### અશફાક ઉલ્લાખાં :

અશફાક ઉલ્લાખાંએ હિન્દુ-મુસ્લિમ એકતાનું અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રામપ્રસાદ બિસ્મિલ સાથે તેમને નાનપણથી દોસ્તી હતી. તેઓ ખેલકૂદના ખૂબ શોખીન હતા. ઘોડેસવારી અને બંદૂક ચલાવવામાં પ્રવીણ હતા. શાહજહાંપુરમાં આર્યસમાજના મંદિર પર થયેલ હુમલો તેમણે રોક્યો હતો. કાકોરી ટ્રેન લૂંટવાની યોજનામાં તેમણે ભાગ લીધો હતો. તેમને જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

> *કુછ આરઝૂ નહિ હૈ, હૈ આરઝૂ તો યહ,*
> *રખ દે કોઈ જરાસી ખાકે વતન કફનમેં.*
>
> - અશફાક ઉલ્લાખાં

### ચંદ્રશેખર આઝાદ :



ચંદ્રશેખર આઝાદ

ચંદ્રશેખર આઝાદનું મૂળ નામ ચંદ્રશેખર સીતારામ તિવારી હતું. તેમનો જન્મ 23 જુલાઈ, 1906ના રોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના ભાવરા નામના ગામમાં થયો હતો. તેમણે પ્રારંભિક અભ્યાસ કાશીમાં કર્યો હતો. તેઓ નાનપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલા હતા.

અસહકારની ચળવળમાં ચંદ્રશેખરે ભાગ લીધો હતો. તેમની ધરપકડ થઈ. અંગ્રેજ પોલીસના હાથે પકડાયા, ત્યારે તેમની ઉંમર એટલી નાની હતી કે હાથકડી મોટી પડી હતી ! અદાલતમાં તેમને પૂછવામાં આવ્યું તમારું નામ શું ? તો તેમણે કહ્યું, 'આઝાદ', પિતાનું નામ 'સ્વાધીનતા' અને પોતાના ઘરને 'જેલખાનું' બતાવ્યું હતું. ત્યાર બાદ તેઓ 'આઝાદ' તરીકે ઓળખાયા.

કાકોરી ટ્રેન લૂંટમાં તેમણે ભાગ લીધો હતો. દેશમાંથી ચાળીસેક ક્રાન્તિકારીઓ પકડાઈ ગયા. આઝાદ ભાગી છૂટ્યા. તેમને પકડવા ઇનામ જાહેર કરવામાં આવ્યું. આઝાદે પ્રતિજ્ઞા કરી હતી કે 'હું જીવતે જીવ અંગ્રેજ સરકારના હાથમાં પકડાઈશ નહીં.' ઈ.સ. 1931ની 27મી ફેબ્રુઆરીના રોજ આઝાદ અલાહાબાદના આલ્ફ્રેડ બાગમાં બેઠા હતા ત્યારે અચાનક અંગ્રેજ પોલીસથી ઘેરાઈ ગયા. આઝાદ એકલા અડધા કલાક સુધી પોલીસ ટુકડી સાથે સંઘર્ષ કરતા રહ્યા. અંતે પોતાની જ પિસ્તોલથી શહીદી વહોરી લીધી. ચંદ્રશેખર આઝાદથી અંગ્રેજ પોલીસ એટલી બધી ડરતી હતી કે બે-ત્રણ ગોળી ચલાવી ખાતરી કરીને જ તેમની પાસે ગઈ હતી.

**આટલું જાણો**

9 ઓગસ્ટ, 1925ના રોજ સરકારી ખજાનો રેલવે દ્વારા સહરાનપુરથી લખનૌ જતો હતો, ત્યારે ક્રાન્તિકારીઓ દ્વારા કાકોરી નામના રેલવે-સ્ટેશને તેને લૂંટવામાં આવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ ક્રાન્તિકારી પ્રવૃત્તિ અને હથિયાર માટે નાણાં મેળવવાનો હતો.

**પ્રવૃત્તિ**

તમે કોઈ ક્રાન્તિકારીનું સ્મારક જોયું હોય અથવા તેના વિશે જાણતા હોય, તો તે ક્રાન્તિકારી વિષયક માહિતી એકત્ર કરો.

### ભગતસિંહ :



ભગતસિંહ

ભગતસિંહનો જન્મ પંજાબના લાયલપુર જિલ્લાના બંગા ગામમાં 28 સપ્ટેમ્બર, 1907ના રોજ થયો હતો. અસહકારની ચળવળ વખતે તેઓ વિદેશી કાપડની હોળી કરવાના કાર્યક્રમમાં જોડાયા હતા. લાહોર નેશનલ કૉલેજમાં ભણવા ગયા, ત્યારે તેમને સુખદેવ, ભગવતીચરણ અને યશપાલનો પરિચય થયો. તેમના ક્રાન્તિકારી વિચારોને પીઠબળ મળ્યું. 1928માં 8મી એપ્રિલે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે ધારાસભામાં બૉમ્બ ફેંક્યો.

બૉમ્બ ફેંકવાનો તેમનો ઇરાદો બહેરી થઈ ગયેલી અંગ્રેજ સરકારને જગાડવાનો હતો.
તેઓ ઇચ્છતા તો બૉમ્બ ફેંકી ભાગી શકતા હતા, પણ તેમણે તે જ જગ્યા પર ઊભા રહી સૂત્રોચ્ચાર કર્યા :

*ઈન્કલાબ ઝિંદાબાદ !*

*સામ્રાજ્યવાદ કા નાશ હો !!*

*દુનિયા કે મજદૂરો એક હો !!!*

ક્રાન્તિનો સંદેશ આપતી પત્રિકાઓ ફેંકી, હવામાં ગોળીબાર કર્યો અને શાંતિપૂર્વક આત્મસમર્પણ કરી લીધું. લાલા લજપતરાયના અવસાનનો બદલો લેવા થયેલા અંગ્રેજ અફસર સોન્ડર્સના ખૂન કેસમાં ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ ઉપર કેસ ચાલ્યો. કેસના ચુકાદામાં ત્રણેય મિત્રોને ફાંસીની સજા થઈ. 23 માર્ચ, 1931ના રોજ તેમને ફાંસી આપવામાં આવી.

*દિલ સે નિકલેગી ન મર કર ભી વતન કી ઉલ્ફત (પ્રીત)*
*મેરી મિટ્ટીસે ભી ખુશ્બૂ - એ - વતન આએગી.*
**- ભગતસિંહ**

**વિચારો**

ભગતસિંહને ફાંસીની સજા થઈ ન હોત, તો આઝાદીના જંગમાં એમની શું ભૂમિકા હોત ?